ગાંધીધામ મહાનગરપાલિકા

પ્લોટ નંબર. ૩૫, સેક્ટર – ૯, ગાંધીધામ– કચ્છ. પીન.૩૭૦૨૦૧

તા.૨૫/૦૨/૨૦૨૬

**"અખબારી યાદી"**

**ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા રોડ વિથ/પોતાની માલિકી પ્લોટ ઉપર દબાણ હટાવની ઝુંબેશ**

**૧.** ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા ગાંધીધામ મધ્યે ડી.એ.વી. કોલેજ ની સામે, વોર્ડ ૬ ઇન્ડ્સ્ટ્રીઝમાં આવેલ મહાનગરપાલિકા ૪૫૯૦.૩૭ ચો.મી. પ્લોટ પર અનઅધિકૃત રીતે અમુક ઇસમો દ્વારા કબજો કરી અને ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ. જેને મહાનગરપાલિકા દ્વારા દુર કરી કબજો સાંભળેલ છે. આ પ્લોટ નો ઉપયોગ લોકો પોતાના પ્રસંગોની ઉજવણી અર્થે ઉપયોગમાં લઇ શકે તે અર્થે અને આ પ્લોટ ઉપર અંદાજીત **૪૧ લાખ ના ખર્ચે બ્યુટીફીકેશન અંગેની કામગીરી** હાથ ધરી ગ્રીન લોન, પેવર બ્લોક અને કમ્પાઉન્ડ વોલ બનાવવામાં આવશે અને તે માટે **ટેન્ડર પ્રસિધ્ધ** કરવામાં આવેલ છે.

**૨.** ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા ટ્રાન્સપોર્ટ નગર, સેકટર ૯/સીમાં આવેલ મહાનગરપાલિકા નો જે ૩૫૫૧.૯૦ ચો.મી. પ્લોટ પર અનઅધિકૃત રીતે દબાણ કરવામાં આવેલ, જેને દુર કરવા ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા ૧૪૬ નોટીસ ઇસ્યુ કરવામાં આવેલ જેથી સદરહુ જગ્યા ઉપર લોકોએ સ્વેચ્છાએ દબાણ હટાવી મહાનગરપાલિકાની મશીનરી, માનવશક્તિ અને સમય બચાવી મહાનગરપાલિકા ને પુરતો સહકાર આપેલ છે સ્વેચ્છાએ દબાણ દુર કરેલ છે. આજરોજ આ પ્લોટનો કબજો મહાનગરપાલિકા એ સંભાળેલ છે.

આમ, ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા રોડ વિથના દબાણો તથા મહાનગરપાલિકાની માલિકીના પ્લોટ પરના દબાણો દુર કરી, જાહેર ઉપયોગીતાના વિવિધ પ્રોજેક્ટ કરવા પ્રતિબદ્ધ છે. તેવું મહાનગરપાલિકાની અખબારયાદીમાં જણાવવામાં આવેલ છે

**જનસંપર્ક અધિકારી**